પેજ 3

વિજય દેવરકોંડાએ રશ્મિકા મંદાના સાથે લગ્ન પહેલાં હલ્દી વિધિની ઝલક શેર કરી

ઉદયપુર, તા. 25 (PTI): તેલુગુ સ્ટાર વિજય દેવરકોંડાએ બુધવારે અભિનેત્રી રશ્મિકા મંદાના સાથેનાં લગ્ન પહેલાં હલ્દી વિધિની ઝલક શેર કરી હતી. આ કપલ ગુરુવારે ઉદયપુરની બહારના ભાગમાં આવેલી એક લક્ઝરી હોટલમાં લગ્નગ્રંથિથી જોડાશે, જેના પ્રી-વેડિંગ ફંક્શન્સ આગામી બે દિવસ સુધી ચાલશે. વિજયે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ દ્વારા ચાહકોને હલ્દીના ભવ્ય સેટઅપની એક ઝલક બતાવી હતી. વિઝ્યુઅલ્સમાં એક ગોળાકાર આઉટડોર જગ્યા જોવા મળી હતી જ્યાં વર અને કન્યા માટે મધ્યમાં બે નાની લાકડાની પાટલીઓ રાખવામાં આવી હતી. આ વિસ્તારની આસપાસ તેજસ્વી પીળા અને નારંગી ગલગોટાની પાંખડીઓની ટોપલીઓ રાખવામાં આવી હતી.અન્ય એક સ્ટોરીમાં અભિનેતાએ ફૂલોના આકારના પર્સનલાઇઝ્ડ નેમ પ્લેકાર્ડ્સનો ક્લોઝ-અપ શેર કર્યો હતો - જેમાં એક પર રશ્મિકાનું હુલામણું નામ 'રુશી' અને બીજા પર 'વિજય' લખેલું હતું - જે તાજા લિલી, ગુલાબ અને ગલગોટાનાં ફૂલો વચ્ચે રાખવામાં આવ્યાં હતાં.

સંજય લીલા ભણસાળીની તબિયત લથડતા હોસ્પિટલમાં, પરિવારે કહ્યું તે એકદમ સ્વસ્થ છે

મુંબઈ, તા. 25 (PTI) : ફિલ્મ-નિર્માતા સંજય લીલા ભણસાળી એકદમ સ્વસ્થ છે. એમ તેમના પરિવારે બુધવારે જણાવ્યું હતું. મીડિયા રિપોર્ટ્સમાં કહેવામાં આવ્યું હતું કે, તેમને હાર્ટ એટેક આવ્યા બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરિવારે હાર્ટ એટેકની પુષ્ટિ કરી નથી કે તેનો ઉલ્લેખ પણ કર્યો નથી, પરંતુ જણાવ્યું હતું કે, તેઓ રૂટિન મેડિકલ ચેક-અપ માટે હોસ્પિટલ ગયા હતા. પરિવારે કહ્યું હતું કે, ' 'સંજય લીલા ભણસાળી એકદમ સ્વસ્થ છે. તેઓ રૂટિન મેડિકલ ચેક-અપ માટે ગયા છે અને ચિંતાનું કોઈ કારણ નથી.

'ધ કેરળ સ્ટોરી 2' સામેની અરજીઓ અપરિપક્વ અને ગેરસમજભરી : નિર્માતાની હાઈકોર્ટમાં રજૂઆત

કોચી, તા. 25 (PTI): 'ધ કેરળ સ્ટોરી 2-ગોઝ બિયોન્ડ' ના નિર્માતાએ કેરળ હાઈકોર્ટને જણાવ્યું છે કે, ફિલ્મની રિલીઝનો વિરોધ કરતી અરજીઓ અપરિપક્વ, ગેરસમજભરી અને ટકવાપાત્ર નથી. આ રજૂઆત ફિલ્મના નિર્માતા વિપુલ અમૃતલાલ શાહ દ્વારા મંગળવારે કોર્ટમાં દાખલ કરવામાં આવેલા એક સોગંદનામામાં કરવામાં આવી હતી. આ અરજીઓનો વિરોધ કરતાં સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (સીબીએફસી)એ બુધવારે જણાવ્યું હતું કે, અરજદારો પાસે રિવિઝન (પુનઃવિચારણા) માંગવાનો વૈકલ્પિક વૈધાનિક ઉપાય ઉપલબ્ધ છે.

વર્ષ 2026 માટેના પ્રતિષ્ઠિત 'વર્લ્ડ નેચર ફોટોગ્રાફી એવોર્ડ્સ'ના વિજેતાઓની જાહેરાત કરવામાં આવી છે, જેમાં વિશ્વભરના ફોટોગ્રાફર્સે પ્રકૃતિ અને વન્યજીવોની વિસ્મયકારક ક્ષણોને કેમેરામાં કેદ કરી છે. આ વર્ષનો સર્વોચ્ચ 'ગ્રાન્ડ પ્રાઈઝ' અને 'વર્લ્ડ નેચર ફોટોગ્રાફર ઓફ ધ યર'નો ખિતાબ ઓસ્ટ્રેલિયાના અંડરવોટર ફોટોગ્રાફર જોનો એલનને મળ્યો છે. તેમણે ટોંગાના દરિયામાં 'માહિના' નામની અત્યંત દુર્લભ સફેદ હમ્પબેક વ્હેલના બચ્ચાનો અદભૂત ફોટો પાડીને આ સિદ્ધિ હાંસલ કરી છે. આ એવોર્ડમાં વિશ્વભરના વિવિધ દેશોમાંથી હજારો એન્ટ્રીઓ આવી હતી. આ વર્ષે 'પીપલ એન્ડ નેચર' કેટેગરીમાં ડીના સ્વેન્સન દ્વારા લેવાયેલી તસવીર આકર્ષણનું કેન્દ્ર બની છે. વ્યોમિંગના ગ્રાન્ડ ટેટન નેશનલ પાર્કમાં જ્યારે ફોટોગ્રાફર્સ એક વિશાળ 'બુલ મોઝ'ના રસ્તામાંથી ખસી ગયા, ત્યારે તે પ્રાણીએ પાછળ રહી ગયેલા કેમેરા ગિયરની કુતૂહલવશ તપાસ કરી હતી, જેને ડીનાએ હૂબહૂ કેદ કરી પ્રથમ સ્થાન મેળવ્યું છે. તેવી જ રીતે, 'નેચર ફોટોજર્નાલિઝમ' શ્રેણીમાં અલાઇન શ્રોડર દ્વારા લેવાયેલ 37 વર્ષીય ચિમ્પાન્ઝી (કાયલા)ના અલ્ટ્રાસાઉન્ડનો ફોટો ખૂબ ચર્ચામાં રહ્યો છે, જેમાં તેને તાપમાન જાળવવા ટોપી અને મોજાં પહેરાવવામાં આવ્યા હતા. તેવી જ રીતે, એનિમલ પોર્ટ્રેટ શ્રેણીમાં મેરી શ્રાડરે એક યુવાન માદા ગોરીલાને રંગબેરંગી પતંગિયા સાથે કુતૂહલવશ રમતી કેદ કરી છે, જે પ્રકૃતિના અદભૂત આંતર-સંબંધોને ઉજાગર કરે છે. પ્રાણીઓના વર્તનની શ્રેણીમાં સિંગાપોરના વૈદેહી ચંદ્રશેખરે બોત્સ્વાનામાં પાણી પીતી વખતે સોનેરી પ્રકાશમાં પાણીના ફુવારા ઉડાડતા જિરાફને કેદ કર્યું છે, જ્યારે દક્ષિણ આફ્રિકાના નામીબ રણમાં રેતીના તોફાનનો હિમતભેર સામનો કરતા કાચંડાનો ફોટો ડેવાલ્ડ ટ્રોમ્પે લીધો છે. બીજી તરફ, પર્યાવરણ અને માનવ પ્રભાવને દર્શાવતી કેટેગરીમાં રોબર્ટ ગ્લોકનરનો ફોટો આઘાતજનક છે, જેમાં ધ્રુવીય રીંછ બરફને બદલે માનવ સર્જિત કચરા અને ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ વચ્ચે જોવા મળે છે.

ભારત સંપૂર્ણ વિશ્વાસ સાથે ઈઝરાયલની સાથે ઉભું છે : મોદી

ઈઝરાયેલની સંસદમાં ઐતિહાસિક સંબોધનમાં મોદીએ ગમે ત્યાંના ત્રાસવાદને શાંતિ માટે ખતરો ગણાવ્યો

મોદીએ યુએન સુરક્ષા પરિષદ દ્વારા સમર્થિત 'ગાઝા શાંતિ પહેલ'ને સંપૂર્ણ ટેકો જાહેર કર્યો

જેરૂસલેમ, તા. 25 (પીટીઆઈ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ઈઝરાયેલની સંસદ 'નેસેટ'ને) ને સંબોધિત કરતા એક ઐતિહાસિક ભાષણ આપતાં કહ્યું હતું કે ભારત હાલ અને આગળ પણ સંપૂર્ણ વિશ્વાસ સાથે ઈઝરાયલની સાથે ઉભું છે અને રહેશે. નેસેટને સંબોધનારા પ્રથમ ભારતીય વડાપ્રધાન બની મોદીએ આતંકવાદ સામે કડક સંદેશ આપતા જણાવ્યું હતું કે, 'ગમે ત્યાં થતો આતંકવાદ દરેક જગ્યાએ શાંતિ માટે ખતરો છે.' તેમણે ઈઝરાયેલ પ્રત્યે ભારતની સંપૂર્ણ એકતા વ્યક્ત કરતા કહ્યું કે, ભારત પણ લાંબા સમયથી આતંકવાદની પીડા સહન કરી રહ્યું છે અને ૨૬/૧૧ ના મુંબઈ હુમલામાં ભારતીય અને ઈઝરાયેલી બંને નાગરિકોએ જીવ ગુમાવ્યા હતા.

7 ઓક્ટોબર 2023ના રોજ હમાસ દ્વારા કરવામાં આવેલા 'બર્બર' આતંકવાદી હુમલાનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે, 'કોઈપણ કારણ નાગરિકોની હત્યાને યોગ્ય ઠેરવી શકતું નથી.'

ઇઝરાયેલની સંસદમાં વિપક્ષનો વૉકઆઉટ, મોદીના ભાષણમાં પાછા ફર્યાં

ઇઝરાયેલની સંસદમાં ગુરુવારે ત્યારે એક વિચિત્ર પરિસ્થિતિ સર્જાઈ જ્યારે પીએમ મોદીના સંબોધન પહેલા વિપક્ષી સાંસદોએ સદનમાંથી વોકઆઉટ કર્યો. જોકે, આ વિરોધ પીએમ મોદી કે ભારત સામે નહોતો, પરંતુ ઇઝરાયેલની આંતરિક રાજનીતિ અને વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સામે હતો. સંસદના સ્પીકર આમિર ઓહાનાએ સુપ્રીમ કોર્ટના પ્રમુખ જસ્ટિસ ઇસાક અમિતને પીએમ મોદીના આ વિશેષ સત્રમાં આમંત્રિત કર્યા નહોતા. વિપક્ષે આને બંધારણીય મર્યાદાનું અપમાન ગણાવીને નેતન્યાહુના ભાષણનો બહિષ્કાર કર્યો હતો. જેવું પીએમ મોદીના ભાષણનું નામ જાહેર થયું, વિપક્ષી નેતા યાયર લેપિડના નેતૃત્વમાં તમામ સાંસદો સદનમાં પરત ફર્યા હતા.

AI સમિટ વિરોધ: શિમલાથી ત્રણની ધરપકડને પગલે બે રાજ્યોની પોલીસ સામસામે

શિમલા/નવી દિલ્હી, તા. 25 (PTI): એક વરવા સંઘર્ષમાં હિમાચલ પ્રદેશ પોલીસે બુધવારે દિલ્હી પોલીસના જવાનો વિરુદ્ધ અપહરણનો કેસ નોંધ્યો હતો અને શિમલા નજીક શોગી બોર્ડર પર તેમના વાહનોને રોકી રાખ્યા હતા, જ્યારે તેઓ એઆઈ ઈમ્પેક્ટ સમિટમાં 'શર્ટલેસ વિરોધ પ્રદર્શન'ના સંબંધમાં ધરપકડ કરાયેલા યુથ કોંગ્રેસના ત્રણ સભ્યો સાથે દિલ્હી પરત ફરી રહ્યા હતા. શિમલા પોલીસ દ્વારા જણાવાયું છે કે, ''રોહરુના એક રિસોર્ટમાં રોકાયેલા ત્રણ લોકોને બળજબરીથી લઈ જવા બદલ સાદા કપડામાં 15-20 અજાણ્યા લોકો વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે.

મહારાષ્ટ્રના પૈઠણમાં ગોદાવરી નદીમાં ગ્રામજનો સોનું શોધવા ઉમટ્યા

છત્રપતિ સંભાજીનગરના પવિત્ર શહેરની આસપાસનાં ગામડાંઓના લોકો નદીમાં કિંમતી વસ્તુઓ શોધવા ઊમટી પડ્યા

છત્રપતિ સંભાજીનગર : તા. 25 : મોટા ભાગના લોકો માટે નદીનું ઓછું થતું સ્તર એ દુષ્કાળની નિશાની છે, પરંતુ મહારાષ્ટ્રના પૈઠણ શહેરના સ્થાનિકો માટે, જ્યારે ગોદાવરી નદીનું સ્તર ઘટે છે, ત્યારે તે નદી કિનારે સોનું શોધવા જવાનો સમય હોય છે.

ચાળણી અને જાળીઓ લઈને છત્રપતિ સંભાજીનગરના આ પવિત્ર શહેરની આસપાસનાં ગામડાંઓના લોકો સોમવારે ગોદાવરી નદીના કાંઠે ઊમટી પડ્યા હતા અને પાણી ઓછું થતાં કિંમતી ચીજવસ્તુઓની શોધ કરી હતી. ગોદાવરી નદી એક એવા સ્થળ તરીકે સેવા આપે છે જ્યાં શોકગ્રસ્ત સંબંધીઓ તેમના પ્રિયજનો માટે અંતિમ સંસ્કાર કરે છે અને તેમની જ્વેલરી (ઘરેણાં), સિક્કા અને અન્ય કિંમતી વસ્તુઓ પધરાવે છે.

ભીષણ ગરમીમાં પણ ઘણા લોકો નદીના કાંઠે એકઠા થયા હતા અને ખોવાયેલા ખજાના અને કિંમતી વસ્તુઓની શોધમાં કમર સુધીના પાણીમાં ઊતર્યા હતા, જેને તેઓ નદી તરફથી મળેલી ભેટ માને છે.

ટ્રમ્પે મેરાથોન સંબોધનમાં અમેરિકા દરેક ક્ષેત્રમાં જીતી રહ્યું હોવાનો દાવો કર્યો

100 મિનિટથી વધુના ભાષણમાં ટ્રમ્પે કહ્યું આપણે એટલું બધું જીતી રહ્યા છીએ કે લોકો તેનાથી થાકી જશે

જીવનનિર્વાહના ખર્ચને ઘટાડવાના પ્રયાસો વિશે ટ્રમ્પે ખાસ કંઈ કહ્યું ન હતું

વોશિંગ્ટન, તા. 25 (એપી): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે રાત્રે 100 મિનિટથી વધુ લાંબુ 'સ્ટેટ ઓફ ધ યુનિયન' સંબોધન આપતા દાવો કર્યો હતો કે તેમના નેતૃત્વમાં અમેરિકા દરેક ક્ષેત્રમાં જીતી રહ્યું છે. લોકોમાં તેમના પર ઘટી રહેલા વિશ્વાસ વચ્ચે ટ્રમ્પે દેશમાં મેન્યુફેક્ચરિંગ અને રોજગારીની લહેર હોવાનો દાવો કર્યો હતો.

આ કાર્યક્રમમાં તેમણે ઓલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ આઈસ હોકી ટીમને સ્ટેજ પર બોલાવી રાજકીય રંગ જમાવ્યો હતો અને ગોલકીપર કોનર હેલેબકને અમેરિકાનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'પ્રેસિડેન્શિયલ મેડલ ઓફ ફ્રીડમ' આપવાની જાહેરાત કરી હતી. ટ્રમ્પે કહ્યું આપણે એટલું બધું જીતી રહ્યા છીએ કે લોકો તેનાથી થાકી જશે.

ભાષણ દરમિયાન ટ્રમ્પે સુપ્રીમ કોર્ટ દ્વારા તેમના ટેરિફના નિર્ણયોને રદ કરવાના ચુકાદાને 'દુર્ભાગ્યપૂર્ણ' ગણાવ્યો હતો. તેમણે આગ્રહ કર્યો કે ટેરિફ વિદેશી દેશો ચૂકવે છે અને તે આવકવેરા પદ્ધતિનું સ્થાન લઈ શકે છે. આ દરમિયાન વિપક્ષી ડેમોક્રેટ્સ સાથે તેમનો સીધો સંઘર્ષ જોવા મળ્યો હતો. ડેમોક્રેટ સાંસદ અલ ગ્રીનને વિરોધ પ્રદર્શન કરવા બદલ ગૃહની બહાર કાઢવામાં આવ્યા હતા, જ્યારે રશીદા તલાઈબે તેમને 'ભ્રષ્ટ પ્રમુખ' કહીને સંબોધ્યા હતા.

ટ્રમ્પે ઈમિગ્રેશન પર કડક વલણ અપનાવતા 'ગેરકાયદેસર વિદેશી'ને બદલે અમેરિકી નાગરિકોને બચાવવાની વાત કરી હતી.

સર્વે દર્શાવે છે કે અર્થતંત્ર અને ઘરગથ્થુ ખર્ચ જેવા મુદ્દાઓ પર તેમનું વલણ તેમના માટે જવાબદારી કે નબળાઈ બની રહ્યું છે, તેમ છતાં ટ્રમ્પે જીવનનિર્વાહના ખર્ચને ઘટાડવાના પ્રયાસો વિશે ખાસ કંઈ કહ્યું ન હતું.

બરેલીમાં મોટરસાઇકલ જપ્ત થતાં ડિલિવરીમેનનું પોલીસ સ્ટેશન બહાર અગ્નિસ્નાન

બરેલી (યુપી), તા. 25 (PTI): અહીં એક પોલીસ સ્ટેશનની બહાર પોલીસે મોટરસાઇકલ જપ્ત કરી લેતાં 32 વર્ષીય ડિલિવરીમેને કથિત રીતે આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હતો. એમ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું. અક્ષય કશ્યપ તરીકે ઓળખાતી આ વ્યક્તિ શરીરના ઉપરના ભાગે દાઝી ગઈ હતી અને તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. તેની હાલત ભયમુક્ત હોવાનું કહેવાય છે, અધિકારીઓએ ઉમેર્યું હતું કે, આ ઘટનાની તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

ઓડિશામાં માઈનિંગ અધિકારીના ઘરેથી 4.27 કરોડથી વધુની રોકડ મળી

રાજ્યમાં અત્યાર સુધી કરવામાં આવેલી આ સૌથી મોટી રોકડ જપ્તી છે

ભુવનેશ્વર, તા. 25 (પીટીઆઈ): ઓડિશાના માઈન્સ ડિપાર્ટમેન્ટના એક અધિકારીના ઘરે વિજિલન્સ વિભાગના દરોડામાં ટ્રોલી બેગમાં ભરેલી રોકડનો મોટો જથ્થો મળી આવ્યો હતો. ભ્રષ્ટાચારના કેસમાં ધરપકડ કરાયેલા ડેપ્યુટી ડાયરેક્ટર ઓફ માઈન્સ દેબબ્રત મોહંતીના ભુવનેશ્વર સ્થિત ફ્લેટમાંથી 4.27 કરોડ રૂપિયાથી વધુની રોકડ જપ્ત કરવામાં આવી છે. રાજ્યની એન્ટી કરપ્શન એજન્સી દ્વારા અત્યાર સુધી કરવામાં આવેલી આ સૌથી મોટી રોકડ જપ્તી છે. વિજિલન્સ વિભાગના જણાવ્યા અનુસાર, મોહંતી એક લાયસન્સ ધરાવતા કોલસાના વેપારી પાસેથી 30000 રૂપિયાની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. ત્યારબાદ તેમના ભુવનેશ્વરના ફ્લેટ, કટક સ્થિત ઓફિસ અને ભદ્રક જિલ્લામાં આવેલા પૈતૃક નિવાસસ્થાને એકસાથે તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન તેમની ઓફિસના ખાનામાંથી પણ 1.20 લાખ રૂપિયા મળી આવ્યા હતા.

આસામ: બોયફ્રેન્ડની નજર સામે 7 લોકોનો મહિલા પર સામૂહિક બળાત્કાર

2ની ધરપકડ; આરોપીએ મહિલા પાસેથી તેના ખાતામાં 10 હજાર રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા

ગુવાહાટી, તા. 25: આસામના કછાર જિલ્લાના સિલચર શહેર પાસે એક 28 વર્ષની મહિલા પર તેના બોયફ્રેન્ડની નજર સામે જ 7 લોકોએ સામૂહિક બળાત્કાર કર્યો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, આ મામલે 19 ફેબ્રુઆરીએ ફરિયાદ નોંધવામાં આવી હતી. આ કેસમાં અત્યાર સુધીમાં બે લોકોની ધરપકડ કરવામાં આવી છે.પોલીસે જણાવ્યું હતું કે, બળાત્કાર બાદ એક આરોપીએ મહિલા પાસેથી તેના ખાતામાં 10 હજાર રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા. પીડિતાના પરિવારજનોએ જણાવ્યું કે, તે સિલચર શહેરથી થોડા કિલોમીટર દૂર બાયપાસ રોડ પર તેના બોયફ્રેન્ડ સાથે કારમાં હતી ત્યારે એક એસયુવીમાં કેટલાક લોકો આવ્યા અને તેમના પર હુમલો કર્યો.

પશ્ચિમ રેલવે

વિવિધ કામો

ડિવિઝનલ રેલવે મેનેજર (WA), વેસ્ટર્ન રેલવે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400008, નીચે મુજબ ટેન્ડર આમંત્રિત કરે છે: કામ નં: ૧. ઈ-ટેન્ડર નોટિસ નં: BCT/25-26/325, તારીખ ૨૪.૦૨.૨૦૨૬. કામ અને સ્થળ: જોસ-વાસણ સુરત સેક્શનના જોડાણમાં યાર્ડમાં ડ્રેઇન (ગટર) પૂરી પાડવી. બિલીમોરા, વેડછા, નવસારી, ભેસ્તાન, સચિન, ઉધના અને સુરત ખાતે યાર્ડમાં સુધારણા અને અપગ્રેડેશનનું કામ. કામની અંદાજિત કિંમત: રૂ. ૬,૧૦,૦૯,૯૮.૬૨. EMD (બાનાની રકમ): રૂ. ૪,૫૫,૧૦૦/-. કામ નં: ૨. ઈ-ટેન્ડર નોટિસ નં: BCT/25-26/326, તારીખ ૨૪.૦૨.૨૦૨૬. કામ અને સ્થળ: ડિવિઝનલ એન્જિનિયર (સેન્ટ્રલ), MMCT સેક્શનના અધિકારક્ષેત્ર હેઠળ મંજૂર થયેલા ટ્રેક કામોના જોડાણમાં સિંગલ શોટ કુસિબલ સાથે 60kg/60EI-R260 રેલ અને 60Kg 90 UTS નું ઇન્ટ-સિટુ AT વેલ્ડિંગ કરવું અને વેલ્ડિંગ પોર્શન 60kg/60EI-R260, 60kg 90UTSનો પુરવઠો પૂરો પાડવો. કામની અંદાજિત કિંમત: રૂ. ૩,૨૮,૭૩,૭૬૫.૨૪. EMD (બાનાની રકમ): રૂ. ૩,૧૪,૪૦૦/- બંને ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમય: ૨૪.૦૩.૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાક સુધી. બંને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: ૨૪.૦૩.૨૦૨૬ના રોજ ૧૫:૩૦ કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.inની મુલાકાત લો. 1171

અમને લાઈક કરો : facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે

બોરડી રોડ ખાતે હોલ્ટ કોન્ટ્રાક્ટરની નિમણૂક

સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, કોમર્શિયલ ડિપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, DRM ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, પશ્ચિમ રેલવે દ્વારા ટેન્ડર નોટિસ નં: No.C 171/1/Gen/2026/02, તારીખ: 24.02.2026 પ્રસિદ્ધ કરવામાં આવી છે. કાર્ય અને સ્થળ: બોરડી રોડ (BRRD), બગુમારા (BGMR) અને સોનશેલુ (SNSL) ખાતે હોલ્ટ કોન્ટ્રાક્ટરની નિમણૂક માટે અરજીઓ મંગાવવામાં આવી છે. કાર્યની અંદાજિત કિંમત: શૂન્ય (Nil). EMD (બાનાની રકમ): શૂન્ય (Nil). સબમિટ કરવાની તારીખ અને સમય: 17.03.2026 ના રોજ 15:00 કલાક સુધી. ખોલવાની તારીખ અને સમય: 17.03.2026ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.inની મુલાકાત લો. 1173

અમને અહીં લાઈક કરો : facebook.com/WesternRly

ટુંડી નિવિદા એસ.કે. નં. ૦૭ સને ૨૦૨૫-૨૬

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત (મા.મ.) વિભાગ, સુરત ફોન નં. ૨૪૬૨૩૩૭ ચોથોમાળ,સુરત જીલ્લા પંચાયત ભવન,લાર્સનઆર્મી સ્કુલની બાજુમા, પીપલોદ, વેસુ સુરત તરફથી જણાવવાનું કે, ગુજરાત રાજયમાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા (હોટમીક્ષ પ્લાન્ટ ધરાવતા) કોન્ટ્રાકટરો પાસેથી સુરત જિલ્લાના જુદા જુદા તાલુકાના રસ્તા માટે ડામરના મીક્ષ મટીરીયલ અને મીક્ષ મટીરીયલના લેબર સહિતના તમામ આઈટમોના વાર્ષિક ભાવો (Excluding GST) મંગાવવામાં આવે છે. જેના કોરાભાવ પત્રકો આપવાની છેવટની તા. ૦૫/૦૩/૨૦૨૬ તથા રજી.પો.એ.ડી./ સ્પીડ પોસ્ટથી સ્વીકારવાની છેવટની તા. ૧૧/૦૩/૨૦૨૬ રાખવામાં આવી છે. આ સાથે ટેન્ડર ફી રૂા.૬૦૦/- રાખવામાં આવેલ છે. આ કામની વિગતવાર નોટીશ કચેરીના નોટીશ બોર્ડ ઉપર મુકવામાં આવી છે. કામો અંગેની વધુ વિગતો તેમજ કોરા ભાવ પત્રકો મેળવવા રસ ધરાવતા ઈજારદારોએ અગેની કચેરીની એસ.કે શાખાનો રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે. આવેલ ટેન્ડર મંજુર કરવા કે ના મંજુર કરવા એ હકકો સુરત જિલ્લા પંચાયતને હકક અબાધિત છે. શકય હશે તો ટેન્ડરો સ્વીકારવાના દિવસે જ ખોલવામાં આવશે.

કાર્યપાલક ઈજનેર
પંચાયત (મા.મ.) વિભાગ
સુરત

કમાંક : માહિતી-સૂરત/૧૫૬૨/૨૦૨૬

ESTD : 1998 REG. NO.: SURAT-E 4334

TENDER NOTICE

SURAT MANAV SEVA SANGH-"CHHANYADO"
TENDER NOTICE NO SMSS/CP&SM/01/2026-27

Surat Manav Seva Sangh- "chhanyado" a Charitable Public Trust Serving for mankind is inviting Tender for "Procurement of Medical, Radiology, Cardiac, Dialysis, Pathology, Dental, Ophthalmology & Disposable - miscelleneous items"

Tender duly filled in should be submitted on or before **16/03/2026** upto 18:00 Hrs alongwith Requisite Documents / fees **only by R.P.A.D / Speed Post** as to reach to the Cheif Accountant, **Surat Manav Seva Sangh- "Chhanyado", New Civil Hospital Campus, Majuragate, Surat-395001.**

Kindly visit our website site **www.chhanyado.org** and downloaded from it to get more details regarding Tender Notice, Tender copy and terms and conditions of Tender.

NO/SMSS/CP&SM/01 **President**
Date:-26/02/2026 **Surat Manav Seva Sangh**

નિવિદા નં.૩૨ સને ૨૦૨૫-૨૬

માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય.

કાર્યપાલક ઇજનેરશ્રી, સુરત (મા. અને મ.) વિભાગ નં.-૧, દયાળજીબાગની સામે, નાનપુરા, સુરત ફોન નં. ૨૪૬૪૧૬૨ દ્વારા અત્રેની કચેરી નીચે મુજબના કામો માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલા ઇજારદારશ્રીઓ પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે.

ક્રમ	કામનું નામ	અંદાજી રકમ રૂ.(લાખમાં)
૧.	કન્સ્ટ્રકશન ઓફ કમ્પાઉન્ડ વોલ, ઓટીએસ શેડ રીપેરીંગ, ફેન્સીગ, કલર વર્ક એન્ડ અધર મિસ્ક. વર્ક એટ જુવેનાઇલ હોમ ફોર ગલ્સ રામનગર, ડી.સુરત.	૫૯,૭૪,૭૦૩.૫૬
૨.	કન્સ્ટ્રકશન ઓફ કમ્પાઉન્ડ વોલ, પાર્કિંગ શેડ એન્ડ અધર મિસ્ક. વર્ક એટ બેગર્સ રિસિવિંગ સેન્ટર રામનગર, ડી.સુરત	૧૭,૮૬,૫૨૪.૧૯

ટેન્ડરનાં દસ્તાવેજો તા.૧૩/૦૩/૨૦૨૬ ના રોજ ૧૮.૦૦ કલાક સુધી વેબસાઇટ https://tender.nprocure.com ઉપર જોવા મળી શકશે.

નિવિદા ફક્ત રાજ્ય સરકારની વેબસાઇટ www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળી શકશે. વધારાની વિગતો માટે અમારી ઉપર દર્શાવેલ વેબસાઇટ જોવા વિનંતી છે. અથવા ઉપરોકત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતાં ઇજારદારશ્રીઓએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર
સુરત (મા.મ.) વિભાગ નં.-૧
કમાંક : માહિતી-સૂરત/૧૫૬૦/૨૦૨૬ સુરત

કડોદરા નગરપાલિકા - કડોદરા જી. સુરત
ઓનલાઇન જાહેર નિવિદા

આથી કડોદરા નગરપાલિકા, કડોદરા, જિ. સુરતને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત "સ્વચ્છ શહેર સુંદર શહેર યોજના" હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.

કામનું નામ ૧ : કડોદરા શહેરના તમામ વાણીજ્ય વિસ્તારો, રહેણાંક વિસ્તારો, ધોરીમાર્ગ, કેનાલ, નદીની સફાઈ કરવાની કામગીરી.

અંદાજીત રકમ :- ૩૭.૮૦ લાખ	સમય મર્યાદા : ૧૨ માસ
ઈ.એમ.ડી. રૂા. ૩૭,૯૧૦/-	ટેન્ડર ફી: રૂ. ૧,૫૦૦/-

કામનું નામ ૨ : કડોદરા શહેરના મારૂતિ ઉદ્યાનની સુંદરતા તેમજ વેસ્ટ ટૂ વન્ડર પાર્ક શહેરનાં બ્રીજ તથા દીવાલોનાં સુશોભનની કામગીરી.

અંદાજીત રકમ :- ૧૬.૦૬ લાખ	સમય મર્યાદા : ૩ માસ
ઈ.એમ.ડી. રૂા. ૧૬,૧૦૦/-	ટેન્ડર ફી: રૂ. ૬૦૦/-
વેબસાઇટનું નામ	https://tender.nprocure.com
ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય	૧૩/૦૩/૨૦૨૬ ના રોજ ૧૮.૦૦ કલાક સુધી
ફક્ત ઓરીજીનલ ટેન્ડરફી અને ઇ.એમ.ડી. પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામું	૧૭/૦૩/૨૦૨૬ ના ૧૮.૦૦ કલાક સુધીમાં ચીફ ઓફિસર, કડોદરા નગરપાલિકા, મુ.કડોદરા, જિ.સુરત
ટેકનીકલ બિડ ખોલવાની તારીખઃ	૧૮/૦૩/૨૦૨૬,૧૨.૦૦ કલાકે
પ્રાઇસ બિડ ખોલવાની તારીખઃ	૧૮/૦૩/૨૦૨૬,૧૨.૩૦ કલાકે

કામ અંગે વધારે માહિતી તેમજ ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે ઉપરોકત જણાવેલ વેબસાઇટ ઉપર તા. ૨૭/૦૨/૨૦૨૬ ના રોજ થી જોવા વિનંતી સદર કામ અંગેના તમામ હકક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

(પ્રણવભાઈ ચૌધરી) ચીફ ઓફિસર કડોદરા નગરપાલિકા
(અનીલકુમાર સિંહ) ચેરમેન કારોબારી સમિતિ કડોદરા નગરપાલિકા
(નારાયણી વીરેન્દ્ર શર્મા) પ્રમુખ કડોદરા નગરપાલિકા

કમાંક : માહિતી-સૂરત/૧૫૫૫/૨૦૨૬

બૅંક ઑફ બડૌદા Bank of Baroda

નાના વરાછા રોડ શાખા : ૧૨૭, શ્રેયસ ડાયમંડ સેન્ટર, નાના વરાછા રોડ, જી. સુરત–૩૯૫૦૦૬ ફોન : ૦૨૬૧–૨૫૪૭૩૭૯ Email : dbnvar@bankofbaroda.co.in

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) [સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ–૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર બૅંક ઓફ બરોડાના અધિ